જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, બનાસકાંઠા

કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ.બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

Phone No. : (02742) 257055 E-mail : bnsdeo@gmail.com

ક્રમાંક :GPF/જૂની પેન્શન/ ૨૦૨૬/૧૬૬૮૫ તા.૨૨/૧૧/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત મા. અને ઉ.મા. શાળા,(યાદી મુજબ)

જી,બનાસકાંઠા /વાવ-થરાદ

વિષય : જુની પેન્શન યોજના અંતર્ગત કર્મચારીના સી.પી.એફ.ના નાંણા પરત મેળવવા બાબત.

સંદર્ભ ૧) નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંક: નવય/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા ૦૮/૧૧/૨૦૨૪

૨) નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંક: નવય/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા ૧૬/૦૪/૨૦૨૫

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્ર -૦૧ મુજબ જુની પેન્શન યોજનાનો લાભ મેળવવા અંગેની પાત્રતા ધરાવતા કર્મચારીઓ/અધિકારીઓને સરકારશ્રી દ્વારા જૂની પેન્શન યોજનાનો લાભ આપવા ઠરાવ કરવામાં આવેલ છે. જે અન્વયે જૂની પેન્શન યોજનાનો લાભ આપવા અંગેની પાત્રતા ધરાવતા કર્મચારીઓ/અધિકારીઓનો હુકમ થયેલ છે.

જે કર્મચારીઓ/અધિકારીઓએ નવી વર્ધિત પેન્શન યોજનામાંથી જુની પેન્શન યોજનાનો લાભ લેવા નિયત સમય મર્યાદામાં વિકલ્પ આપેલ હોય અને જુની પેન્શન યોજનામા સમાવવાનો આદેશ થયેલ હોય તેવા NPS અંતર્ગત કર્મચારીના PRAN માં જમાં ફાળાની રકમ જી.પી.એફ.મા તબદિલ કરવા દરખાસ્ત નિયત પ્રમાણપત્રો અને જરૂરી આધારો પ્રમાણીત કરી કર્મચારી મુજબ અલગ-અલગ દરખાસ્ત ફાઇલ તૈયાર કરી નીચેના આધારો (તમામ આધારો એક નકલમાં) સાથે તા.૦૧/૧૨/૨૦૨૬ ના રોજ અત્રેની કચેરીની પેન્શન શાખામાં રજુ કરવા જણાવવામાં આવે છે.

૧. શાળાનો ભલામણ પત્ર.

૨. કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના આદેશની પ્રમાણિત નકલ.

૩. શાળાના લેટર પેડ પર અલગ-અલગ નિયત નમૂના પ્રમાણપત્ર.

૪. PRAN કાર્ડની પ્રમાણિત નકલ.

૫. PPA NO ફાળવણી પત્રની પ્રમાણિત નકલ.

જિલ્લા શિક્ષણાધિકાર
પાલનપુર,જિ.બનાસકાંઠા

બિડાણ:

૧. નિયત નમૂના પ્રમાણપત્ર

શાળાના લેટરપેડ પર દરેક પ્રમાણપત્ર અલગ અલગ

પ્રમાણપત્ર - અ

અત્રેની..... શાળામાં ફરજ બજાવતા શ્રી..... હોદો.....
જેમની નિમણુંક તા..... છે. તેમને નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ ના ઠરાવ ક્રમાક:નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી. અન્વયે કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુ.રા., ગાંધીનગરના કચેરી આદેશ FILE NO:....., Date: ..... થી પ્રસિધ્ધ થયેલ પાત્રતા યાદી-અ ના ક્રમ ..... પર શ્રી .....નો સમાવેશ કરવામાં આવેલ છે. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ :- આચાર્ય
તારીખ :-

પ્રમાણપત્ર – બ

અત્રેની..... શાળામાં ફરજ બજાવતા શ્રી.....
હોદો..... જેમની જન્મ તારીખ.....અનુસાર સત્રના લાભ સાથે તા.....ના રોજ વય નિવૃત થતા તા.....ના રોજ શાળા સમય બાદ ફરજ મુક્ત કરવામાં આવેલ છે. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ :- આચાર્ય
તારીખ :-

પ્રમાણપત્ર - ક

અત્રેની..... શાળામાં ફરજ બજાવતા શ્રી.....
હોદો..... જેમની જન્મ તારીખ.....અનુસાર સત્રના લાભ સાથે તા..... ના રોજ વય નિવૃત્ત થયેલ છે. તેમની સામે કોઈ પણ સરકારી લેણું બાકી નથી. જે સંપુર્ણ ચકાસણી કર્યા બાદ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ :- આચાર્ય
તારીખ :-

પ્રમાણપત્ર - ડ

અત્રેની..... શાળામાં ફરજ બજાવતા શ્રી..... હોદો.....
જેમની નિમણુંક તા..... હોય તેઓને જેતે સમયે NPS માં સમાવેશ કરવામાં આવેલ જેમને PPA.....અને PRAN..... ફાળવવામાં આવેલ છે. તેમને નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૯/૦૪/૨૦૨૫ ના ઠરાવ ક્રમાક:નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી. અન્વયે કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુ.રા., ગાંધીનગરના કચેરી આદેશ FILE NO:....., Date: ..... થી પ્રસિધ્ધ થયેલ પાત્રતા યાદી-અ ના ક્રમ..... પર શ્રી .....નો સમાવેશ કરવામાં આવેલ છે. જે તા..... ના રોજ સત્રના લાભ સાથે વય નિવૃત્ત થયેલ છે. તેમના PRAN માં જમા રકમની ચકાસણી કરતા માસીક ફાળાની રકમ બરાબર માલુમ પડેલ છે. તેમજ તેમના PRAN માં જમા રકમનો આખરી ઉપાડ કરવામાં આવેલ નથી કે, અલગથી દરખાસ્ત કરવામાં આવેલ નથી. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ :- આચાર્ય
તારીખ :-

ફાઇલ ઉપર દર્શાવવાની વિગત(શાળાના લેટર પેડ)

વિષય: - NPS To OPS અંતર્ગત કર્મચારીના PRAN માં જમાં ફાળાની રકમ પરત મેળવવા બાબત.

કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના આદેશ તારીખ	
કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના આદેશ યાદી ક્રમ નંબર :-	
કર્મચારીનું પુરૂ નામ :-	
હોદો :-	
જન્મ તારીખ :-	
નોકરીમાં દાખલ તારીખ :-	
જી.પી.એફ.નંબર :-	
જન્મ તારીખ મુજબ નિવૃતિ તારીખ :-	
સત્રાંત મુજબ નિવૃતિ તારીખ :-	
PRAN NO :-	
PPAN NO :-	